# રિકલટનની સદીથી દક્ષિણ આફ્રિકાએ 315 રન બનાવ્યા

**રિકલટનની** સદી ઉપરાંત બવુમા, વાન ડેર ડુસેન અને માર્કરમની અર્ધસદીઓથી આફ્રિકાએ અફઘાનિસ્તાનને 316 રનનો લક્ષ્યાંક આપ્યો



કરાચી, તા. 21 (પીટીઆઈ) : ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે શુક્રવારે અહીં રમાયેલી ગ્રુપ બીની એક મેચમાં ઓપનર રાયન રિક્લટનની પ્રથમ વનડે સદી અને અન્ય ત્રણ બેટ્સમેનોની અડધી સદીની મદદથી દક્ષિણ આફ્રિકાએ છ વિકેટે 315 રન બનાવીને અફઘાનિસ્તાન સામે 316 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યા પછી રિક્લેટને આક્રમક બેટિંગ કરીને 106 બોલનો સામનો કરી સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 103 રન કરવા ઉપરાંત તેણે 58 રન કરનારા કેપ્ટન ટેમ્બા બાવુમા સાથે બીજી વિકેટ માટે 129 રનની ભાગીદારી કરી હતી. આ ઉપરાંત, રાસી વાન ડેર ડુસેને 52 અને એડન માર્કરમે નોટઆઉટ 52 રન કરીને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી હતી. મેદાન અફઘાનિસ્તાનના સમર્થકોથી ભરેલું હતું પણ અફઘાનિસ્તાનના બોલરો તેમની પ્રતિષ્ઠા અનુસાર બોલિંગ કરી શક્યા નહોતા. રાશિદ ખાને 10 ઓવરમાં 59 રન આપ્યા પણ વિકેટ મેળવી શક્યો નહોતો. ટીમ માટે અનુભવી સ્પિનર મહંમદ નબીએ 51 રન આપીને બે વિકેટ લીધી જ્યારે ફઝલહક ફારૂકી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ અને નૂર અહેમદને એક-એક વિકેટ મળી હતી. ડાબોડી બેટ્સમેન રિકલેટને સ્પિનરો રાશિદ અને નબી અને ચાઈનામેન નૂર અહેમદ સામે સારું ફૂટવર્ક બતાવ્યું અને તેમના પર કોઈ દબાણ ન આવવા દીધું. વિકેટકીપર-બેટ્સમેન કટ અને પુલ શોટ રમતા રમતા પોતાના મજબૂત બેકફૂટનું પ્રદર્શન પણ કર્યું હતું.

| દક્ષિણ આફ્રિકા | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલટન રનઆઉટ | 103 | 106 | 7 | 1 |
| ડિ ઝોર્ઝી કો.ઓમરઝાઇ બો.નબી | 11 | 11 | 2 | 0 |
| બવુમા કો.અટલ બો.નબી | 58 | 76 | 5 | 0 |
| ડુસેન કો.શાહિદી બો.નૂર | 52 | 46 | 3 | 2 |
| માર્કરમ નોટઆઉટ | 52 | 36 | 6 | 1 |
| મિલર કો.રહમત બો.ફારૂકી | 14 | 18 | 1 | 0 |
| યાન્સેન બો.ઓમરઝાઇ | 0 | 1 | 0 | 0 |
| મુલ્ડર નોટઆઉટ | 12 | 6 | 1 | 1 |
| વધારાના | 13 | | | |
| કુલ (50 ઓવરમાં છ વિકેટે) | 315 | | | |

**વિકેટપતન :** 1/28, 2/157, 3/201, 4/248, 5/298, 6/299

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ફઝલહક ફારૂકી | 8 | 0 | 59 | 1 |
| અઝમતૂલ્લા ઓમરઝાઇ | 6 | 0 | 39 | 1 |
| મહંમદ નબી | 10 | 0 | 51 | 2 |
| રાશિદ ખાન | 10 | 0 | 59 | 0 |
| ગુલબદીન નૈબ | 7 | 0 | 42 | 0 |
| નૂર અહેમદ | 9 | 0 | 65 | 1 |

# હેલ્મેટને કારણે મળેલી બે રનની સરસાઇથી કેરળ 68 વર્ષે પહેલીવાર રણજી ફાઇનલમાં

**ગુજરાત** આઠ વર્ષે ત્રીજીવાર ફાઇનલમાં પ્રવેશવાથી માત્ર બે રન છેટું રહ્યું, મુંબઈને હરાવીને વિદર્ભ ચોથી વખત રણજી ફાઇનલમાં

**નાગવસવાલાનો** શોટ શોર્ટ લેગ ફિલ્ડરના હેલ્મેટમાં અથડાઇને સ્લીપમાં કેચ તરીકે ઝડપાતા ગુજરાતની ઇનિંગનો અંત થયો



અમદાવાદ, તા. 21 : રણજી ટ્રોફીની સેમીફાઇનલમાં આજે શુક્રવારે એક હેલ્મેટને કારણે ગુજરાત સામે મળેલી બે રનની સરસાઇથી કેરળ તેની પહેલી રણજી ટ્રોફી ફાઇનલમાં પ્રવેશ્યું હતું.

ભારતીય ક્રિકેટની પ્રીમિયર ડોમેસ્ટિક સ્પર્ધામાં પદાર્પણ કર્યા પછી 68 વર્ષ પછી કેરળ પહેલી વાર ફાઇનલમાં પહોંચ્યું છે. કેરળ છેલ્લે 1957માં રણજી ડેબ્યૂ કર્યા બાદ 2018-19માં સેમિફાઇનલમાં પહોંચ્યું હતું. હવે ફાઇનલમાં, કેરળનો મુકાબલો વિદર્ભ સામે થશે, જેણે બીજી સેમિફાઇનલમાં મુંબઈને 80 રનથી હરાવીને ચોથીવાર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ગુજરાતને અંતિમ દિવસે પ્રથમ ઇનિંગની લીડ મેળવવા માટે ફક્ત 29 રનની જરૂર હતી પણ ટીમે 26 રનના ઉમેરામાં પોતાની બાકીની ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ડાબોડી સ્પિનર આદિત્ય સરવટેએ દબાણ હેઠળ સારું પ્રદર્શન કરીને ત્રણેય વિકેટો લઈને ગુજરાતને 455 રને ઓલઆઉટ કર્યું હતું. તેમાં સૌથી વધુ રસપ્રદ અંતિમ વિકેટ રહી હતી.

ગુજરાત માત્ર ત્રણ રન પાછળ હતું ત્યારે અરઝાન નાગવાસવાલાએ જોરદાર શોટ ફટકાર્યો હતો અને બોલ ફોરવર્ડ શોર્ટ લેગ પર ફિલ્ડિંગ કરી રહેલા સલમાન નિઝારના હેલ્મેટ પર વાગીને સ્લીપ તરફ ગયો જ્યાં સચિન બેબી કેચ ઝડપી લેતા કેરળના ખેલાડીઓ ઉજવણી કરવા માંડી હતી. નાગવાસવાલા અને ગુજરાતનું ડગઆઉટ થોડા સમય માટે અનિશ્ચિત જણાતા હતા. અમ્પાયરે પણ તરત જ આંગળી ઉંચી કરી નહીં; આખરે રિપ્લે જોઇને તેને આઉટ આપવામાં આવ્યો હતો.

મુંબઇ સામેની મેચમાં પુણેના 22 વર્ષીય સ્પિનર દુબેએ 127 રન આપીને પાંચ વિકેટ લેતા 406 રનના લક્ષ્યાંકનો પીછો કરતી મુંબઈની ટીમ 325 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ રીતે, વિદર્ભે ગયા વર્ષે મુંબઈ સામે ફાઇનલમાં મળેલી હારનો બદલો લીધો હતો.

# ગિલની સદીએ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની મેચ પહેલા ભારતનો આત્મવિશ્વાસ વધાર્યો

**ઈંગ્લેન્ડ** સામેની સીરિઝમાં શાનદાર પ્રદર્શન પછી ગીલે ધીમી પીચને સમજીને રમેલી ઇનિંગ વધુ મહત્વપૂર્ણ

## ભારત પાસે પાકિસ્તાન કરતાં ઘણાં વધુ મેચ-વિનર છે : શાહિદ આફ્રિદી

દુબઈ, તા. 21 : પાકિસ્તાનનો માજી અનુભવી ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદી માને છે કે ભારત સ્પષ્ટપણે સૌથી મજબૂત ટીમ છે કારણ કે તેમની પાસે તેના કટ્ટર હરીફો કરતા ઘણા વધુ મેચ વિજેતાઓ છે અને તેથી આગામી ચેમ્પિયન્સ ટ્રોફીના મોટા મુકાબલામાં વસ્તુઓનો અંત લાવવા માટે સામૂહિક પ્રયાસ શ્રેષ્ઠ માર્ગ હશે. પાકિસ્તાન પહેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે હારીને જ્યારે ભારતે ગુરુવારે બાંગ્લાદેશ સામે છ વિકેટથી જીતીને રવિવારની હાઇ-વોલ્ટેજ મુકાબલામાં પ્રવેશ કર્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન આફ્રિદીએ જિયો હોટસ્ટારના 'ગ્રેટેસ્ટ રિવેલરી રિટર્ન્સ' એપિસોડમાં કહ્યું હતું કે જો આપણે મેચ વિનર્સ વિશે વાત કરીએ, તો હું કહીશ કે ભારતમાં પાકિસ્તાન કરતા વધુ મેચ વિનર્સ છે. અત્યારે પાકિસ્તાનમાં આવા ખેલાડીઓ નથી. તેણે કહ્યું કે ભારતના મધ્યમ અને નીચલા ક્રમે ટીમની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી જ્યારે પાકિસ્તાન વિશે આવું કહી શકાય નહીં.

બેંગલુરુ, તા. 21 (પીટીઆઇ) : શુભમન ગિલ આજકાલ વન-ડે ક્રિકેટનો 'રન મશીન' સાબિત થઈ રહ્યો છે અને તેને કોઈ ફરક પડતો નથી કે મેચ ક્યાં રમાઈ રહી છે અથવા વિરોધી ટીમ કોણ છે. ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણેની સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી, દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશ સામે ભારતની પહેલી મેચમાં તેની સામેનો પડકાર અલગ હતો.

પિચ ધીમી હતી અને બોલરો સતત બેટ્સમેનોમાં ખામીઓ શોધી રહ્યા હતા. આમ છતાં, ગિલે તેની આઠમી વન ડે સદી ફટકારીને ભારતને છ વિકેટથી વિજય અપાવ્યો હતો. તેણે 125 બોલમાં પોતાની સદી પૂરી કરી જે તેની સૌથી ધીમી સદી છે પણ કદાચ તેની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ સદી છે.

વર્ષોથી ભારતીય બેટિંગ લાઇન-અપનો મુખ્ય આધાર રહેલા રોહિત શર્મા અને વિરાટ કોહલીની કારકિર્દીના છેલ્લા તબક્કામાં ગિલનું ફોર્મ ભારતીય ટીમ માટે સારા સંકેત છે. ભારતને પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામેની આગામી મેચોમાં પણ તેના જેવા જ પ્રદર્શનની જરૂર પડશે. તેણે બાંગ્લાદેશ સામે કેટલાક ઉત્તમ સ્ટ્રોક રમ્યા હતા જેમાં ઝડપી બોલર તંઝિમ હસનના બોલે મારેલો પૂલ શોટ પણ સામેલ હતો. તેણે સ્પિનરો અને ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને સરળતાથી રમ્યા અને આ સમયગાળા દરમિયાન 52 બોલમાં ફક્ત 30 રન બનાવ્યા, પરંતુ તે સમયે વિકેટ બચાવીને રમવું વધુ મહત્વનું હતું.

ગિલે પાછળથી હોસ્ટ બ્રોડકાસ્ટરને કહ્યું હતું કે તે મારી કારકિર્દીની સૌથી સંતોષકારક ઈનિંગ્સમાંની એક હતી. મારે અંત સુધી રમવાનું હતું અને મેં એ જ કરવાનો પ્રયાસ કર્યો. કેપ્ટન રોહિતે પણ કહ્યું હતું કે તે છેલ્લા કેટલાક સમયથી શાનદાર બેટિંગ કરી રહ્યો છે અને તેણે બાંગ્લાદેશ સામે પણ આ લય ચાલુ રાખી, આમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી. તે અંત સુધી ટકી રહ્યો તે જોઈને સારું લાગ્યું.

# આજે આઉટ ઓફ ફોર્મ ઇંગ્લેન્ડનો મુકાબલો સ્ટાર વગરની ઓસ્ટ્રેલિયા સાથે

**ઓસ્ટ્રેલિયાની** ઝડપી બોલિંગ ત્રિપુટી કમિન્સ, સ્ટાર્ક, હેઝલવુડની ગેરહાજરીમાં યુવા બોલરો પર મોટી જવાબદારી

**બપોરે** 2.30થી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર

લાહોર, તા. 21 (પીટીઆઈ) : ચેમ્પિયન્સ ટ્રોફીની આવતીકાલે શનિવારે પોતાની પહેલી મેચમાં આઉટ ઓફ ફોર્મ ઈંગ્લેન્ડનો સામનો ઈજાઓને કારણે મુખ્ય ખેલાડીઓ વિના રમી રહેલાએશિઝ સીરિઝના તેમના હરીફ ઓસ્ટ્રેલિયા સામે થશે. બંને ટીમો વન-ડે ફોર્મેટમાં સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. વિશ્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને છેલ્લી બે સીરિઝમાં શ્રીલંકા સામે 0-2 અને પાકિસ્તાન સામે 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, કોચ બ્રેન્ડન મેક્કુલમની ઈંગ્લેન્ડ ટીમ 2023ના વર્લ્ડકપમાં ખરાબ પ્રદર્શન બાદથી કોઈ વન ડે સીરિઝ જીતી શકી નથી. જોસ બટલરના નેતૃત્વ હેઠળની ટીમનો ભારતે 3-0થી પરાજય થયો હતો.

ઓસ્ટ્રેલિયાએ બંને ટીમો વચ્ચે પાંચ મેચની વન ડે સીરિઝ છેલ્લે સપ્ટેમ્બર 2024માં 3-2થી જીતી હતી. જોકે, ત્યારથી, પાંચ મુખ્ય ઓસ્ટ્રેલિયાઈ ખેલાડીઓ ઈજાના કારણે ટીમની બહાર છે. તેના ઝડપી બોલરો પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિચેલ સ્ટાર્કની ત્રિપુટી ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં નથી. આ ઉપરાંત ઓલરાઉન્ડર મિચેલ માર્શ અને કેમેરન ગ્રીન ઈજાને કારણે તેમજ માર્કસ સ્ટોઈનિસ અચાનક નિવૃત્તિ લેવાના કારણે બહાર છે. આવી સ્થિતિમાં, એ જોવાનું રહે છે કે કાર્યકારી કેપ્ટન સ્ટીવ સ્મિથના નેતૃત્વ હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ આ મિની વર્લ્ડકપમાં ભૂતકાળની સફળતાનું પુનરાવર્તન કરી શકશે કે નહીં.

માર્શની ગેરહાજરીમાં, સ્મિથ ત્રીજા નંબરે આવી શકે છે અને તેણે ઈનિંગ્સના શિલ્પીની ભૂમિકા ભજવવી પડશે. બધાની નજર આક્રમક ઓપનર ટ્રેવિસ હેડ પર પણ રહેશે. ઈંગ્લેન્ડ પાસે જોફ્રા આર્ચર, માર્ક વુડ અને બ્રાયડન કાર્સ જેવું ત્રિકોણીય પેસ આક્રમણ છે અને આદિલ રશીદ જેવો સ્પિનર છે.

## આજથી ઇન્ટરનેશનલ માસ્ટર્સ લીગ : પહેલી મેચ ભારત અને શ્રીલંકા વચ્ચે

મુંબઈ, તા. 21 : ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંદુલકર અને યુવરાજ સિંહ શનિવારે પ્રથમ ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગની ઉદઘાટન મેચમાં શ્રીલંકા સામે ફરી એકવાર ભારતની પ્રતિષ્ઠિત વાદળી જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ ટુર્નામેન્ટમાં છ ટીમો ભાગ લેશે જેમાં ભારત, શ્રીલંકા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. બધી ટીમોમાં ક્રિકેટના કેટલાક મોટા સ્ટાર્સનો સમાવેશ થાય છે. આ સ્પર્ધા નવી મુંબઈ, વડોદરા અને રાયપુરમાં યોજાશે. ૧૬ માર્ચે રાયપુરમાં સેમિફાઈનલ અને ફાઈનલ મેચ રમાશે. ભારત અને શ્રીલંકા વચ્ચેના મુકાબલાઓએ વર્ષોથી ચાહકોને મંત્રમુગ્ધ કર્યા છે. સચિને કહ્યું હતું કે આપણે શ્રીલંકા સામે રમતી કેટલીક અવિસ્મરણીય ક્ષણો જોઈ છે, જેમાં 2011નો વર્લ્ડ કપ સૌથી ખાસ હતો. આટલા વર્ષો પછી મેદાન પર પાછા આવવું અને એવી ટીમનો સામનો કરવો જે આપણી ક્રિકેટ સફરનો આટલો મોટો ભાગ રહી છે, તે તેને વધુ ખાસ બનાવે છે. બીજી તરફ યુવરાજે કહ્યું હતું કે હું ફરીથી મેદાનમાં પાછા ફરવા માટે ઉત્સુક છું.

# 18 મહિનાથી અલગ રહેતા યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના આખરે છૂટાછેડા થયા

**બાંદ્રા** ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની કાનૂની કાર્યવાહી પૂર્ણ થઇ પણ બંને પક્ષ તરફથી કંઇ સત્તાવાર નથી કહેવાયું

**ચહલ** અને ધનશ્રી બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લઇ રહ્યા હોવાની ન્યાયધીશ સમક્ષ પુષ્ટિ કરી



મુંબઈ, તા. 21 : છેલ્લા 18 મહિનાથી અલગ રહેતા ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માના છૂટાછેડા થઈ ગયા છે અને કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા પછી, આ દંપતી હવે સત્તાવાર રીતે અલગ થઈ ગયું છે. જોકે, બંને પક્ષો તરફથી હજુ સુધી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. બંનેએ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડાની બધી કાનૂની કાર્યવાહી પૂર્ણ કરી હતી અને આ સમયગાળા દરમિયાન બંને ઉપલબ્ધ હતા.

અહેવાલો અનુસાર દંપતીએ છૂટાછેડા માટે બધી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરી લીધી છે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશે દંપતીને કાઉન્સેલિંગ સત્રમાંથી પસાર થવાનો નિર્દેશ આપ્યો, જે લગભગ 45 મિનિટ સુધી ચાલ્યું હતું. ન્યાયાધીશે પૂછ્યું ત્યારે, ચહલ અને ધનશ્રી બંનેએ પુષ્ટિ આપી કે તેઓ પરસ્પર સંમતિથી છૂટાછેડા લઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, બીજા એક પ્રશ્નના જવાબમાં, બંનેએ કહ્યું કે તેઓ છેલ્લા 18 મહિનાથી અલગ રહે છે. જ્યારે ચહલ અને ધનશ્રીને તેમના અલગ થવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેમણે અનુકુળતાને મુખ્ય કારણ ગણાવ્યું હતું. સુનાવણી પછી, ન્યાયાધીશે છૂટાછેડાને સત્તાવાર રીતે મંજૂરી આપી અને ચુકાદો આપ્યો કે દંપતી હવે કાયદેસર રીતે પતિ-પત્ની તરીકે બંધાયેલા નથી. ગુરુવારે સાંજે 4:30 વાગ્યે બાંદ્રા ફેમિલી કોર્ટમાં બંનેની અરજી પર નિર્ણય સંભળાવવામાં આવ્યો હતો.

## રૂ. 60 કરોડનું ભરણપોષણ મળ્યાની વાત ધનશ્રીના પરિવાર અને વકીલે બોગસ ગણાવી

ધનશ્રી વર્માની વકીલ અદિતિ મોહાનીએ 60 કરોડ રૂપિયાના ભરણપોષણના સમાચારને ખોટા ગણાવ્યા હતા. વકીલે કહ્યું કે આ આંકડા પાયાવિહોણા છે. મીડિયાએ આ અંગે રિપોર્ટિંગ કરતા પહેલા હકીકત તપાસવી જોઇએ. ૬૦ કરોડના ભરણપોષણના સમાચાર બહાર આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે ભરાયા હતા અને તેઓ ધનશ્રી વર્માને 'તકવાદી' અને 'ગોલ્ડ ડીગર' કહીને ખૂબ જ ટ્રોલ કરી હતી. ધનશ્રીના પરિવારના એક સભ્યએ નામ ન આપવાની શરતે કહ્યું હતું કે ભરણપોષણ અંગે ફેલાવવામાં આવી રહેલા ખોટા સમાચારથી અમે ખૂબ જ દુઃખી છીએ. હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે આટલી મોટી રકમ ક્યારેય માગવામાં આવી ન હતી કે ઓફર કરવામાં આવી ન હતી.

## સુડોકુ ૬૧૪૯ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૩ | | | ૬ | ૭ |
| | | ૫ | ૨ | ૪ | ૭ | | ૧ | ૮ |
| ૭ | ૪ | ૩ | | ૬ | | ૨ | | |
| ૯ | ૫ | | ૬ | | | | | |
| | | | | | ૮ | ૫ | ૪ | ૩ |
| ૩ | | | ૫ | | | ૬ | | |
| ૪ | ૭ | ૯ | | | | ૧ | ૮ | ૬ |
| ૧ | ૩ | ૮ | | | | | ૨ | |
| | ૨ | ૬ | ૧ | ૮ | | ૭ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કબજિયાત

હરડે, સંચળ, સોનામુખી અને સૂંઠ સમભાગે લઈ ચૂર્ણ કરી ભરી રાખવું રાત્રે 3 ગ્રામ - અડધી ચમચી હુંફાળા પાણીમાં લેવું.

## શબ્દગુંફન - ૬૯૦૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. સૂર્ય (૩)
૩. મળતાવડું (૫)
૬. શક્તિ, ખમી લેવું તે (૩)
૭. દીવાની જ્યોત (૩)
૯. પળ, ક્ષણ (૩)
૧૧. નુકસાન (૨)
૧૨. વિનોદ, મજા, આનંદ (૩)
૧૩. પરાજય (૨)
૧૪. એક કઠોળ (૨)
૧૫. માંકડ (૪)
૧૭. ટેવ, વ્યસન (૨)
૧૮. મોટું (૨)
૧૯. હેતુ, આશય (૪)
૨૧. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૨૨. ઝટ, એકદમ (૩)
૨૪. જનાવરના ખેલનો તમાશો (૪)
૨૬. કથા, કહાણી (૩)
૨૮. ખેડ્યા વિનાનું (૪)
૩૦. સુંદર સ્ત્રી (૨)
૩૧. આપવું તે (૨)
૩૨. સૂંઘવાનો અવયવ (૨)
૩૩. અવાજ, ધ્વનિ (૨)

**ઊભી ચાવી**
૧. મેળાપ, મળવું તે (૩)
૨. બચાવનાર (૩)
૩. પોષણ માટે જોઈએ તેટલો ખોરાક (૪)
૪. પર્વત (૨)
૫. રીત, પ્રથા (૩)
૮. મશ્કરી (૪)
૧૦. કપાળ, ભાલ (૩)
૧૨. માછલાં પકડવાનો આંકડો (૨)
૧૩. અવસ્થા, દશા (૩)
૧૪. પવન (૨)
૧૫. વેચાણ, ઉપાડ (૩)
૧૬. હઠ, દુરાગ્રહ (૩)
૧૭. હોઠ (૨)
૧૮. સોનાચાંદીનું છેક પાતળું પતરું (૩)
૨૦. જરા, સહેજ (૩)
૨૧. મરનારની મિલકતનો હકદાર (૩)
૨૩. માલિશ કરવું તે (૩)
૨૫. એક સરખું (૩)
૨૬. ઢીલ, વિલંબ (૨)
૨૭. તારનાર (૩)
૨૮. પ્રતિજ્ઞા (૨)
૨૯. હોડી (૨)
૩૧. રમતમાં આવતો વારો (૨)

## આજનું પંચાંગ

**તા. 22/02/2025, શનિવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1946
**વીર સંવત :** 2551 **માસ :** મહા
**તિથિ:** વદ : નોમ: 13:20
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ-03 **યોગ :** હર્ષણ
**નક્ષત્ર :** જ્યેષ્ઠા: 17:40 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી **કરણ :** વણિજ
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 17:40 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ, શ્રી રામદાસ નવમી,
**સુરતમાં સૂર્યોદય :** 07:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:39
**નવકારસી :** 07:54
**પારસી વર્ષ :** 1394, મહેર માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, શાબાન માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદવેગ ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદવેગ, શુભ, અમૃત ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે 09: 30 થી 11: 00 સુધી

**મેષ (અ.લ.ઇ.):** તમારી ક્ષમતા સાબિત કરવાની તક મળે. વડીલોના આશીર્વાદથી મન પ્રફુલ્લિત રહે. સ્ત્રી વર્ગને મદદ મળે.

**વૃષભ (બ.વ.ઉ.):** બિન જરૂરી ખર્ચા પર કાબૂ રાખવો પડશે. તમારા કામની કદર થવાની તક મળે. લાભ લેવો.

**મિથુન (ક.છ.ઘ.):** ઘરના વડીલોને ખુશ કરવાની તક મળે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. રોજની આવક વધશે.

**કર્ક (ડ.હ.):** હરીફોથી સાવધાન રહેવું. વિજાતિય આવેગ સતાવે. લેવડદેવડમાં સાવધાની રાખવી.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**સિંહ (મ.ટ.):** લાગણી વ્યક્ત કરવાની તક મળે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં અનુકૂળતા રહે. શેર બજારનાં કામ થાય.

**કન્યા (પ.ઠ.ણ.):** રોમેન્ટીક મુલાકાત થાય. ઓનલાઈન વ્યવહારમાં સાવધાની રાખવી. ધીરજ રાખવી.

**તુલા (ર.ત.):** આવક માટે નવી તક મળે. ઉઘરાણી આવી શકે છે. પારિવારિક ધંધામાં આવક વધશે.

**વૃશ્ચિક (ન.ય.):** ઉધાર લેવાનું ટાળવું. અચાનક નવાં નોકરી કે વ્યવસાયની તક મળશે. મન અશાંત રહે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** અંગત જીવનમાં રંગીન મુલાકાત થાય. સામાજિક કામમાં યશ મળે. ખર્ચા વધશે.

**મકર (ખ.જ.):** સ્ત્રી મિત્રો, પુત્રી સંતાનથી મદદ મળશે. આવક વધારવાની યોજના બને. ઈર્ષાળુથી સાવધાન.

**કુંભ (ગ.સ.શ.ષ.):** નાણાંકીય સમસ્યા હલ થવાથી આવક વધારવાની યોજના પાર પડે. શુભ સમાચાર.

**મીન (દ.ચ.ઝ.થ.):** વિદેશના કામ થાય. પિતા અને વડીલોની મદદથી અટકેલાં નાણાં છૂટા થાય. ભાગ્યનો સાથ મળે.

## કોઇ પણ સાલમાં 22 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર મિશ્રફળ આપે. આવક વધારવાની વર્ષ દરમિયાન તક મળતી રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆતમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ જમીન અને સામાજિક સમસ્યાઓમાં વિઘ્નો આવશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઊંમરલાયકનાં વિવાહ થાય. સંતાનોની પ્રગતિથી શાંતિ મળે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહી. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફોની સમસ્યા સતાવે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મિશ્ર ફળ મળે. મિત્રો-વડીલો સામાજિક સમસ્યામાં મદદરૂપ બનશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં આવક વધે. નોકરીમાં તક મળે. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધે. દોડધામ વધે.

## અનુસંધાન... પાના પહેલાનું

### શીખ વિરોધી...

અદાલતે સજ્જન કુમાર વતી હાજર રહેલા વકીલને બે દિવસની અંદર લેખિત રજૂઆતો દાખલ કરવા કહ્યું હતું. 'આગામી સુનાવણીની તારીખે સજા અંગે આદેશ માટે હાજર રહેવાનું છે', એમ જજે કહ્યું. જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની 1 નવેમ્બર, 1984ના રોજ હત્યા કરવામાં આવી હતી. અદાલતે 12 ફેબ્રુઆરીના રોજ કુમારને ગુના માટે દોષીત ઠેરવ્યા હતા અને શુક્રવારે સર્વોચ્ચ અદાલતના આદેશને ધ્યાનમાં રાખીને તિહાર સેન્ટ્રલ જેલ પાસેથી તેમના માનસિક અને મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન પર અહેવાલ માગ્યો હતો, સુપ્રીમના આદેશ મુજબ મૃત્યુદંડની સજા થઈ શકે તેવા કેસોમાં આવો અહેવાલ માગવાનો હોય છે. કુમાર હાલમાં તિહાર જેલમાં બંધ છે. હત્યા માટે લઘુત્તમ સજા આજીવન કારાવાસ છે જ્યારે મહત્તમ સજા મૃત્યુદંડ હોય છે.

### કાશ પટેલના...

વંશાવળીમાં ઉમેરવાનું બાકી છે, પરંતુ તેમના પરિવારની 18 પેઢીઓની નોંધ 'વંશાવળી'માં છે અને તે તેમના સમુદાયના તમામ સભ્યો સાથે તેમની ઓફિસમાં સંગ્રહિત છે. અમે કાશ પટેલને મળ્યા નથી કારણ કે પરિવાર તાજેતરના વર્ષોમાં આણંદ ગયો નથી. પરંતુ અમારા સમુદાયના ઘણા લોકો તેમને પાટીદાર સમાજ તરીકે જ ઓળખે છે એમ તેમણે જણાવ્યું હતું. કાશ પટેલનો પરિવાર યુગાન્ડામાં ૧૯૭૧માં ઈદી અમીનનું શાસન આવ્યા બાદ કેનેડા ગયો હતો અને ત્યાંથી અમેરિકા ગયો હતો. કશ પટેલનો જન્મ ૧૯૮૦માં ન્યૂયોર્કમાં થયો હતો અને અમેરિકામાં જ તેમનો ઉછેર અને ભણતર થયું છે.

### ટ્રમ્પના એફબીઆઇ...

ડીપ સ્ટેટ દુશ્મનોની યાદી પોતાની પાસે હોવાનો પણ ઈનકાર કર્યો હતો, જ્યારે ટ્રમ્પની તપાસ કરનારા કાયદા અમલીકરણ અધિકારીઓનો ઉલ્લેખ કરીને ભૂતકાળમાં કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીઓને ઓછી મહત્વ આપ્યું હતું. તેમની પુષ્ટિ પછી, પટેલે X પર પોસ્ટ કર્યું, ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનના નવમા ડિરેક્ટર તરીકે પુષ્ટિ મળવા બદલ હું સન્માનિત છું. પ્રમુખ ટ્રમ્પ અને એટર્ની જનરલ બોન્ડીનો તમારા અતૂટ વિશ્વાસ અને સમર્થન બદલ આભાર. 9/11 ના પગલે આપણા રાષ્ટ્રનું રક્ષણ કરવા સહિત FBI પાસે એક ઐતિહાસિક વારસો છે...આપણી ન્યાય વ્યવસ્થાના રાજકીયકરણથી જાહેર વિશ્વાસ ઓછો થયો છે પરંતુ તે આજે સમાપ્ત થાય છે. ડિરેક્ટર તરીકે મારું મિશન સ્પષ્ટ છેઃ સારા પોલીસને પોલીસ તરીકે રહેવા દો - અને FBI માં વિશ્વાસ ફરીથી બનાવો એમ તેમણે કહ્યું. તેમણે ચેતવણી પણ આપી હતી કે એજન્સી એવા લોકોને શોધી કાઢશે જેઓ અમેરિકનોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે. એક મહિના પહેલા ટ્રમ્પની શપથવિધિ થઈ તે પછી સાંસદો દ્વારા જેમની નિમણૂકને મંજૂરી આપવામાં આવી હોય.

### ભારતમાં મતદાન...

ભારતના ખૂબ ઉંચા ટેરિફને કારણે આપણે ભારતના બજારમાં ભાગ્યે જ પ્રવેશી શકીએ છીએ. ટ્રમ્પે બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોને પણ જુદા જુદા હેતુઓસર અપાતા ભંડોળો અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

### ટ્રમ્પ જેના...

એ બાંગ્લાદેશને ચૂંટણીના હેતુ માટે 23.6 મિલિયનનું ભંડોળ આપ્યું હતું. જ્યારે આ જ હેતુ માટે, ભારતને તે રકમનો માત્ર એક ભાગ મળ્યો છે - 2013 થી 2018 ની વચ્ચે અડધા મિલિયન ડોલરથી પણ ઓછી રકમ મળી છે. જ્યારે ઇન્ડિયા ટુડેના ફેક્ટ ચેક મુજબ ૨૦૦૧ થી ૨૦૨૪ દરમિયાન, USAID એ ભારતને કુલ ૨.૯ બિલિયન ડોલરનું ભંડોળ આપ્યું છે. આ સરેરાશ વાર્ષિક ૧૧૯ મિલિયન ડોલર છે. ૧.૩ બિલિયન ડોલર અથવા આ રકમના ૪૪.૪ ટકા ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય એનડીએના શાસન (૨૦૧૪-૨૦૨૪) દરમિયાન આપવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએના શાસન (૨૦૦૪-૨૦૧૩) દરમિયાન ભારતને ૧.૨ બિલિયન ડોલર અથવા ૪૧.૩ ટકા ગ્રાન્ટ મળી હતી.

### અમેરિકી ફંડ મુદ્દે...

ઉપયોગ કર્યો હતો તે પાપ પરથી ધ્યાન બીજે દોરવા તેઓ આ કરી રહ્યા હોવાનું ખેડાએ કહ્યું હતું. ભંડોળોની બાબતમાં શ્વેતપત્ર બહાર પાડવાની પણ કોંગ્રેસે માગણી કરી છે. દરમ્યાન, વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે USAIDના ભંડોળો અંગેના અહેવાલને ખૂબ વ્યથિત કરનારો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે આ ભાતની આંતરિક બાબતોમાં દખલગીરીની ચિંતાઓ જન્માવે છે. સાપ્તાહિક બ્રીફિંગમાં આ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જયસ્વાલે જણાવ્યું હતું કે લાગતાવળગતા સત્તાવાળાઓ આ અંગે તપાસ કરે છે.